| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬ | ૦૭ | ૨૦૧૮ |
| નોંધ્યા તારીખ | ૦૬ | ૦૭ | ૨૦૧૮ |
| ફેંસલ તારીખ | **૧૦** | **૦૭** | **૨૦૧૮** |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

# ખેડા જીલ્લાના મહે. પ્રિન્સીપાલ સેશન્સ જજ સાહેબ સમક્ષ, મું.નડીઆદ.

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૧૦૭/૨૦૧૮
આંક :

**<u>અરજદાર</u> :-** **મંજુલાબેન તે ભરતભાઈ છોટાભાઈ તળપદા**

ઉ.વ. ૩૫

રહે. ખાડવાઘરીવાસ, માહીતી ભવનની સામે, નડીઆદ.

**<u>વિરૂધ્ધ</u>**

**<u>સામાવાળા</u> :-** સરકારશ્રી

## <u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.</u>

અરજદાર તરફે વિ. વ. શ્રી બી.ટી.સોઢાપરમાર

સામાવાળા તરફે વિ. એ. પી.પી.શ્રી એમ.વી.દવે

## -:: ચુ કા દો ::-

૧). હાલના અરજદાર / આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજ કરેલ છે.

૨). કેસની ટુંક હકીકત એવી છે કે, ફરીયાદ નડીઆદ ટાઉન પો.સ્ટે.માં પ્રોહી. એકટ કલમ- ૬૫(ઈ) મુજબની આપવામાં આવેલ જે પ્રોહી. ગુના રજીસ્ટર નં. ૩૧૩/૧૮ થી રજીસ્ટર કરવામાં આવેલ તે ગુનાના કામે હાલના અરજદાર / આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા હાલની અરજી કરેલ છે.

૩). સામાવાળાને નોટીસ કરતા સામાવાળા સરકારશ્રી તરફે વિ. એ. પી.પી.શ્રી એમ.વી.દવે હાજર થયેલ છે અને તપાસ કરનાર અમલદાર તપાસના કાગળો સાથે હાજર થયેલ છે અને આંક-૫ થી સોગંદનામુ રજુ કરેલ છે.

૪). અરજદાર તરફે વિ. વકીલશ્રી બી.ટી.સોઢાપરમાર તથા સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ. પી.પી.શ્રી એમ.વી.દવેની દલીલો સાંભળી.

૫). આ કામે આ કામના અરજદાર / આરોપીને કુલ રૂા. ૧૬૦/- ના દારૂ ના મુદામાલ સાથે પકડવામાં આવેલ છે. આમ, સદરહુ કામમાં આરોપીનો રોલ, સજાની જોગવાઈ, કેસ ચાલતા ઘણો લાંબો સમય જાય તેમ હોય સદરહુ અરજદાર / આરોપીની તરફેણમાં વિવેકબુધ્ધિ વાપરવા યોગ્ય, વાજબી,

ન્યાયી જણાતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**// આ ખ રી હુ ક મ //**

**૧.** ફોજદારી પરચુરણ અરજી નં. ૧૧૦૭/૨૦૧૮ આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** નડીઆદ ટાઉન પો.સ્ટે. પ્રોહી. ગુના રજી. નં. ૩૧૩/૨૦૧૮ પ્રોહી. એકટ કલમ–૬૫(ઈ) મુજબના ગુનામાં અરજદાર/આરોપી મંજુલાબેન તે ભરતભાઈ છોટાભાઈ તળપદાનાઓને રૂા. ૧૦,૦૦૦/– ( અંકે રૂપીયા દશ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩. :: શરતો ::**

૧. અરજદાર / આરોપીએ પોતાની સ્વતંત્રતાનો ગેરલાભ ઉઠાવવો નહી તેમજ ફરીયાદપક્ષના પુરાવા સાથે કોઈપણ રીતે ચેડા કરવાનો પ્રયત્ન કરવો નહી.

૨. અરજદાર / આરોપીએ વિધ્વાન નીચેની અદાલતમાં તેઓના રહેઠાણનું સરનામુ પુરુ પાડવુ અને અદાલતની પુર્વ પરવાનગી વગર તેમા ફેરફાર કરવો નહી.

૩. અરજદાર / આરોપીએ તેમના મોબાઈલ નંબર તથા લેન્ડ લાઈન નંબર વિધ્વાન નીચેની અદાલતમાં પુરશીશ થી રજુ કરવા.

**૪.** અરજદાર / આરોપીએ જામીન વિધ્વાન નીચેની અદાલતમાં આપવા.

**૫.** આ હુકમની લેખીત યાદી સંબંધીત પોલીસ સ્ટેશન તથા નીચેની અદાલતને કરવી.

હુકમ આજ તા. ૧૦મી, માહે : જુલાઈ, સને : ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

નડીઆદ.
તા. ૧૦/૦૭/૨૦૧૮

**( લીયાકતહુસૈન શમસુદીન પીરઝાદા)**
**મુખ્ય સત્ર ન્યાયાધીશ– નડીઆદ.**
( કોડ નં. જીજે૦૦૯૧૪)

આર.વાય.દવે/ ગુજરાતી સ્ટેનોગ્રાફર